૨૨૦ (વીર નિ૦ સં૦ ૨૫૦) લગભગમાં મહાકાલે પિતા-અવંતિસુકુમાલના સ્મારકરૂપે ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કાંઠે અવંતિપાર્શ્વનાથનું વિશાળ મંદિર બનાવ્યું, જે મહાકાલ મંદિર નામે ખ્યાતિ પામ્યું : ૩૧૦, ૩૨૩

૨૧૨ થી ૧૭૫ (ઇ. સ. પૂ. ૨૬૯ થી ૨૩૨)ના ગાળામાં પ્રયાગના કિલ્લામાં અશોકસ્તંભ રચવામાં આવ્યો : ૪૬૯

૨૦૬ થી ૧૬૬ (ઈ. સ. પૂ. ૨૬૩ થી ૨૨૩) સુધી આગરા-અગ્રવનના પ્રદેશ ઉપર સમ્રાટ અશોકનો અધિકાર હતો : ૪૩૭

૨–૩ (ઈ. સ. પૂ. ૨–૩) શતાબ્દીનાં સંસ્મરણો હાથી-ગુફામાં આવેલા સમ્રાટ ખારવેલના લેખમાં અંકિત છે : ૫૦૧

૨ (ઈ. સ. પૂર્વે ૨)જી શતાબ્દીમાં મહારાજા ખારવેલના શાસનનાં ૧૩ વર્ષોની ઘટનાઓ ઉદયગિરિમાં આવેલા હાથીગુફાના શિલાલેખમાં ઉત્કીર્ણ છે : ૫૦૩

–(ઈ. સ. પૂ. ૨)જી શતાબ્દીમાં થયેલા મહારાજા ખાર-વેલે કલિંગને ફરીથી સમૃદ્ધિ અર્પી અને ભારતમાં ગણનાપાત્ર સામ્રાજ્ય બનાવ્યું : ૫૦૩

–(ઇ. સ. પૂ. ૨) જી શતાબ્દીમાં મથુરા ઉત્તરાપથના રાજમાર્ગ ઉપર વિશાળ નગર ગણાતું : ૪૨૫

૧૯૫ (વીર નિ૦ સં૦ ૨૭૫)માં વુડ્ઢરાજ કલિંગનો રાજા થયો : ૫૦૫

૧૭૦ (વીર નિ૦ સં૦ ૩૦૦)માં ભિક્ખુરાય કલિંગનો સ્વામી બન્યો : ૫૦૫

૧૫૦ માં ખારવેલના સમયે કલિંગ પોતાની સમૃદ્ધિ અને સંસ્કારમાં આગળ પડતો ભાગ ભજવતું હતું : ૪૧૫

–લગભગ (ઇ. સ. પૂ. ૨૦૦)ના અક્ષરોમાં લખાયેલો એક મહત્ત્વપૂર્ણ શિલાલેખ ડૉ. કુહરરને મથુરાથી મળી આવ્યો છે : ૪૨૫

૧૪૩ (વીર નિ૦ સં૦ ૨૨૭)માં ક્ષેમરાજ કલિંગનો રાજા થયો : ૫૦૫

૧૪૦ (વીર નિ૦ સં૦ ૩૩૦)માં ભિક્ખુરાય–ખારવેલ સ્વર્ગસ્થ થયો : ૫૦૬

૧૦૮ (વીર નિ૦ સં૦ ૩૬૨)માં રાજા વક્રરાય સ્વર્ગસ્થ થયો : ૫૦૬

૧૦૦ (ઈ. સ. પૂર્વે ૧૫૦) લગભગમાં ચક્રવર્તી ખારવેલે મધ્યપ્રદેશમાં જૈનત્વના પ્રસાર માટે પ્રયત્ન કર્યો હતો : ૪૦૩

૭૫ (વીર નિ૦ સં૦ ૩૯૫)માં રાજા વિદુહરાય સ્વર્ગસ્થ થયો : ૫૦૬

**વિક્રમસંવત**

૧ પહેલાંનો સ્તૂપ મોહેન–જો–દારોમાંથી મળી આવેલો માન-વામાં આવે છે :

–(ઇ. સ. પૂર્વની) બે જિનમૂર્તિઓ અને કેટલાંક જૈન પરિકરો શ્રાવસ્તીના ખોદકામમાંથી મળેલાં છે : ૪૮૩, ૪૮૪

–(ઈ. સ.) પૂર્વે અહિચ્છત્રાના જૈન તીર્થનો મહિમા જળહળતો હતો : ૪૨૨

–(ઇ. સ. પૂર્વે)ની કેટલીય સદીઓ પહેલાં પુંડ્રવર્ધન જૈનધર્મનો કિલ્લો ગણાતું : ૪૧૨

–(ઇ. સ.) ની કેટલીયે શતાબ્દીઓ પૂર્વ મથુરામાં મૂર્તિનિર્માણ થવા લાગ્યું હતું : ૪૨૬

–(ઇ. સ.) પૂર્વ તથા ઇંડોસિથિયન સમયના મથુરાના શિલાલેખો એ સમયના જૈનધર્મની પ્રગતિનો અચૂક ખ્યાલ આપે છે : ૪૨૬

–(ઈ. સ.)ની શરૂઆતથી કે તે પહેલાંથી લઈને બંગાળની વિવિધ સંસ્કૃતિઓમાં જૈન સંસ્કૃતિનું સ્થાન મુખ્ય હોવાનું મળી આવેલાં પુરાતાત્ત્વિક પ્રમાણોથી જણાય છે : ૪૧૪

–(ઇ. સ.)ની પ્રારંભિક અથવા પૂર્વ શતાબ્દીમાં સોપારાથી એક આર્યિકા–સાધ્વીઓનો સંઘ રાજગૃહ તીર્થની યાત્રાએ આવ્યો હતો : ૪૫૪

–(ઇ. સ. પૂ. ૧)લા સૈકાથી અર્વાચીન, ઉદયગિરિ અને ખંડગિરિ ઉપરની કેટલીક ગુફાઓને બાદ કરતાં, નથી : ૫૦૬

૧ ચૈત્ર સુદિ ૧ ને ગુરુવારે ઉજ્જૈનના રાજાએ ભાટ દેશ નિવાસી મહાક્ષપટલિક પરમ શ્રાવક, શ્વેતાંબર મતના અનુયાયી બ્રાહ્મણ ગૌતમપુત્ર કાત્યાયનદ્વારા મહાકાલ મંદિરને ૨૫૫ ગામો સમર્પણ કર્યાની શાસનપટ્ટિકા આપી : ૩૨૪

–માં શ્રીસિદ્ધસેનસૂરિએ વિક્રમાદિત્ય રાજાની સમક્ષ મહા-કાલ મંદિરમાં પધરાવેલા લિંગનો સ્ફોટ કરી બતાવ્યો ત્યારે રાજાએ એક શાસનપત્ર લખી આપી એ મંદિર જૈનોને અર્પણ કર્યું : ૩૧૦

૫૨ (વીર નિ૦ સં૦ ૫૨૨)માં આર્ય રક્ષિતસૂરિનો જન્મ થયો હતો : ૩૧૮

–(વીર નિ૦ સં૦ ૫૨૨)માં દશપુરમાં જન્મેલા આર્ય રક્ષિતસૂરિએ અધ્યાપક વિંધ્યની પ્રાર્થનાથી જૈન સાહિ-ત્યને ચાર અનુયોગોમાં વિભાજિત કર્યું : ૩૧૧

૭૦ (ઇ. સ. ૧૨૭) અથવા પછીનો સમય કુષાણ રાજાઓનો હોવાનું કેટલાક વિદ્વાનો માને છે : ટિ૦ ૩૬૪

૧ લા સૈકા (ઇ૦ સ૦ ના પ્રારંભ)ની એક સરસ્વતી દેવીની મૂર્તિ મથુરાના કંકાલીટીલામાંથી મળી આવી છે : ૪૨૯

–લા સૈકાની શરૂઆતમાં આર્ય કાલકસૂરિએ ગર્દભિલ્લ રાજાને ઉજ્જૈનના સિંહાસન ઉપરથી ઉતારી તેના સ્થાને શકસ્તાનના શાહીઓને સ્થાપ્યા : ૩૨૨